**<u>નવી બાબત: વર્ષ ૨૦૧૫-૧૬</u>**

અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ તથા ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૨૦૧૫/ન.બા.૬/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૦/૦૪/૨૦૧૫

<u>વંચાણે લીધા</u> :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૨નાં ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૧૧/ન.બા.૭/ઘ

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૯/૧૧/૨૦૧૪ના પત્ર ક્રમાંક: આવિ/આશા/૨/ફા.નં.૧૮૪૩/૨૦૧૫-૧૬/૧૨૦૪ થી ૧૨૦૫

**<u>આમુખ</u> :-**

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ગ્રાન્ટ ઇન એઇડ ૪૫૨ આશ્રમશાળાઓ, ૯૭ ઉત્તર બુનિયાદી અને ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧)નાં ઠરાવથી ઉક્ત આશ્રમશાળાઓની વિદ્યાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૦૦૦/- નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવોમાં ઉત્તરોત્તર વધારો થયેલો હોઇ વંચાણે લીધા ક્રમાંક: (૨)થી આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી અને ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા માટે માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૬૨૪૮.૦૦ લાખ તથા માંગણી ક્રમાંક: ૯૩ હેઠળ રૂ.૧૦૧૨.૬૦ લાખની નવી બાબતની દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી.

હાલની પ્રવર્તમાન મોંઘવારી ભાવાંકને ધ્યાને લેતાં રૂ. ૧,૦૦૦/- ની નિભાવ ગ્રાન્ટ ઓછી પડે છે. જેથી રૂ.૫૦૦.૦૦ નો વધારો કરી રૂ.૧૫૦૦.૦૦ નિભાવ ગ્રાન્ટ આપવાની દરખાસ્ત વિચારણામાં હતી.

## ઠરાવ :-

આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી અને ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં રૂ.૫૦૦/- નો વધારો કરી રૂ.૧૫૦૦/- નિભાવ ગ્રાન્ટ આપવાની નવી બાબતને પુખ્ત વિચારણાને અંતે માંગણી ક્રમાંક: ૯૬ (રૂ.૩૧૨૪.૦૦ લાખ) તથા માંગણી ક્રમાંક: ૯૩ (રૂ.૫૦૬.૩૦ લાખ) વર્ષ ૨૦૧૫-૧૬ માટે નીચે મુજબના ધારાધોરણે તેમજ શરતોને આધીન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો :-

(૧) નિભાવ ગ્રાન્ટ પ્રતિમાસ રૂ.૧૫૦૦/- વિદ્યાર્થીદીઠ ચુકવવાની રહેશે.

(૨) આ મંજુરી અન્વયે ચુકવવા પાત્ર નિભાવ ગ્રાન્ટની સુધારેલ રકમ મુજબનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૫ પછીથી શરૂ થતા નવા સત્રથી કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાનો નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૫ - ૧૬નાં અંદાજપત્રમાં રૂ.૩૧૨૪.૦૦ લાખની નવી બાબત માટે માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨, અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, (૧૦) વીકેવાય – ૧૭૬ આશ્રમશાળાઓ હેઠળ સમાવવા ચાલુ ણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૫ - ૧૬નાં અંદાજપત્રમાં રૂ.૫૦૬.૩૦ લાખની નવી બાબત માટે માંગણી ક્રમાંક: ૯૩ આયોજન, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ બિન આદિજાતિ વિસ્તાર પેટા યોજના, (૧૬) વીકેવાય – ૧૭૬ આશ્રમશાળાઓ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૦૬/૦૪/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, દાહોદ, નર્મદા, સાબરકાંઠા, સુરત, વલસાડ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.